# પ્રાંતિજ તાલુકામાં ૨૦૧૭-૧૮ એપ્રિલ સુધીમાં ૩૦૦૯ બાળકોનો જન્મ

## કુલ ૧૬૭ બાળકોના મોત નિપજ્યા : ૫૯ સ્ટીલબર્થ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ ખાતે તાલુકામાં આવેલ સરકારી સહિતના દવાખાનાઓમા ૨૦૧૭ થી ૨૦૧૮ એપ્રિલ સુધીમાં કુલ- ૩૦૦૯ બાળકોનો જન્મ થયો હતો. જેમાં ૧૬૭ બાળ મરણ થયેલ છે.

પ્રાંતિજ તાલુકામાં આવેલ પી.એચ.સી, સી.એચ.સી, સબ સેન્ટરો, પ્રાથમિક આરોગ્ય સેન્ટરોમા થઈને કુલ- ૧૬૮૨ પ્રસુતિઓ થઈ હતી. ૧૬૭ બાળકોના મૃત્યુ નિપજ્યા છે. સી.એચ.સી સેન્ટર ખાતે ૧૧૬૪ બાળકોનો જન્મ થયો હતો. ૨૨ બાળકોનું બાળ મરણ થયું હતું. સી.એચ.સી ખાતે ૫ અને તાલુકામાં ૫૧ થઈને કુલ-૫૯ બાળકોના મોત સ્ટીલબર્થથી મોત થયું છે






તો બીજીબાજુ હાલ પ્રાંતિજ સી.એચ.સી ખાતે છેલ્લાં એક મહિનાથી સ્ત્રી ડૉક્ટર (ગાયનેકે) કે રાજીનામું આપી દેતો જગ્યા ના ભરાતાં પ્રાંતિજ સહિત તાલુકામાં પ્રસુતિ માટે મહિલાઓને હિંમતનગર સહિત જવું પડે છે. ગાયનેક સ્ત્રી નિષ્ણાત ના હોવાથી પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ કેસોમાં ઘટાડો થયો છે.

# મોડાસાનો અરમાન ધામીને ઓલ ઈન્ડિયા કરાટે ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ



મોડાસા, તા. ૧

મહારાષ્ટ્રના લોનાવાલા ખાતે યોજાયેલ ૩૪મી ઓલ ઈન્ડિયા કરાટે ચેમ્પિયનશિપ ૨૬ મેથી ૩૦મે ૨૦૧૮ યોજાયી હતી. જેમાં દેશભરમાંથી ૧૨ રાજ્યોના ૩૫૦ ખેલાડીઓએ અને કરાટેની ટિમો પહોંચી હતી. અરવલ્લી જિલ્લા કરાટે કોચ જુજારસિંહ વાઘેલા જગદીશ થોરીના માર્ગદર્શન હેઠળ ૨૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તમામ ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા અલગ-અલગ વજન અને ગ્રુપમાં ૧૦ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૧૬ બ્રોન્ઝ મેડલ મેળવી જિલ્લાનું રાજ્ય અને દેશમાં નામ રોશન કર્યું હતું.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામના અને મોડાસા સરસ્વતી સ્કૂલમાં અભ્યાસ કરતા અરમાન રજનીકાંતભાઈ ધામીએ ફાઈટ (કુમિતે) રમતમાં અંડર-૪૫ કિગ્રામાં ૩ રાઉન્ડમાં ભારતના ખેલાડીઓને હરાવી જમ્મુ-કાશ્મીરના ખેલાડીને માત આપી પ્રથમ નંબર પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર દેશમાં એચ.એલ. સરસ્વતી વિદ્યાલય મોડાસા અને ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું હતું તદઉપરાંત કરાટેની અન્ય સ્પર્ધા કાટામાં પણ અંડર-૪૫ કિગ્રામાં સિલ્વર પ્રાપ્ત કરી ગામનું અને રાજ્યનું નામ સમગ્ર દેશમાં ગુંજતું કરતા અરવલ્લી ડીસ્ટ્રીકટ કરાટે એસોસીએશનના પ્રમુખ કનુભાઈ આર. પટેલે તમામને અભિનંદન પાઠવ્યા હતા. અરવલ્લી જિલ્લાના કરાટેના ખેલાડીઓને જિલ્લાવાસીઓ સહીત રાજ્યભરમાંથી અભિનંદન પ્રાપ્ત થયા હતા.

# મેઘરજના ભૂતિયા ગામે જાનમાં આવેલ યુવકનું કુવામાં પડી જતાં મોત

મેઘરજ, તા. ૨

મેઘરજ તાલુકાના ભુતીયા ગામે શુક્રવારે રાજસ્થાનથી મેઘરજના ભુતીયા ગામે લગ્નની જાનમાં આવેલ ૩૫ વર્ષીય યુવક રાત્રિના અંધારામાં અવાવરુ કૂવામાં પડી જવાથી તેનું કરુણ મોત નીપજતાં સમગ્ર વીસ્તારમાં શોકનો માહોલ સર્જાયો છે.



શુક્રવારે સીમલવાડા તાલુકાના ઝરણી ગામથી મેઘરજના ભૂતિયા ગામે જાન આવી હતી જેમાં ગૌતમ મણીલાલ લબાના રહે. ઝરણી તેમજ ગામના બીજા માણસો ઝરણી ગામેથી ભૂતિયા ગામે રાત્રિના જાન લઈ ભૂતિયા ગામે આવી ગયેલા અને ગામના ભાગોળે જાનૈયાઓએ તેમની ગાડીઓ પેશાબ કરવા ઊભી રખાયેલી જે દરમિયાન જાનૈયાઓ સાથે ગૌતમલાલ પણ પેશાબ કરવા સારુ ગાડીમાંથી નીચે ઉતરી રોડ સાઈડમાં આવેલ ખેતરોમાં ગયેલો અને બધા જાનૈયાઓ પેશાબ કરી પાછા ગાડીઓ પાસે આવ્યા હતા. પરંતુ ગૌતમ પરત ન આવતા બધા જાનૈયા ગૌતમલાલને બેટરીઓ લઈ શોધવા નીકળ્યા હતા. તેવામાં રોડસાઈડે ખેતરો નજીક જોતાં એક અવાવરુ કુવો આવેલ હોય અને તેઓ જાડી ઝાખરી જેવુ અંધારામાં લાગતું હોવાથી કુવાની અંદર બેટરીઓના અજવાળે જોતા ગૌતમલાલ કુવાની અંદર પડી ગયેલો હતો જેથી આજુબાજુના માણસો તેમજ જાનૈયાઓ મળીને કૂવામાં મોટર મૂકીને પાણી ખેંચી મૃતક ગૌતમલાલ મણીલાલ ઉંમર વર્ષ ૩૫ ને મૃત હાલતમાં બહાર કાઢવામાં આવ્યો હતો. જે ઘટના અંગે મૃતકના કાકા કીર્તનલાલ ગંગારામ લબાના રહે. ઝરણી, તા. સિમલવાડા રાજસ્થાને મેઘરજ પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચીને એડી દાખલ કરી મૃતદેહને મેઘરજ સરકારી દવાખાને લાવી પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

ભુતિયા ગામના સ્થાનીકો ના જણાવ્યા મુજબ આ યુવક કુવામાં પડી ગયાની જાણ મોડાસા ફાયરબ્રીગેડને તુરંત કરવામાં આવી હતી પરંતુ ફાયર બ્રીગેડે જણાવ્યુ હતુ કે અમારી પાસે અત્યારે મેકમ ન હોવાથી હીંમતનગર જાણ કરવી પડશે અને તે પણ સવારમાંજ આવશે તેવા જવાબથી ગ્રામજનો રોષે ભરાયા હતા.

# રંગપુરમાં ઉશ્કેરાઈ જઈ હૂમલો કરતા બે સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના રંગપુર ગામે બે દિવસ અગાઉ સામાન્ય બાબતે ઝઘડો કરી બે શખ્સોએ બેરીંગ લેવા જઈ રહેલા એક ઈસમ પર હૂમલો કરી ઈજા પહોંચાડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પેથાપુર ગામના પ્રવિણસિંહ મનુસિંહ ચૌહાણે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેઓ તા. ૨૯ મે ના રોજ ઘંટીની બેરીંગ લેવા માટે બાઈક લઈને હિંમતનગર આવી રહ્યા હતા ત્યારે રંગપુરની સીમમાં તેમને પેથાપુર ગામના રણજીતસિંહ ભવાનસિંહ ચૌહાણ તથા અર્જુનસિંહ ચેહરસિંહ ચૌહાણએ પ્રવિણસિંહને ઉભા રાખી ગમે તે કારણસર ઝઘડો કરી આ બંને જણાએ પ્રવિણસિંહને માથામાં લાકડી મારી ઈજા પહોંચાડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા જેથી પ્રવિણસિંહે બંને જણા વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મોડાસાના હજીરા વિસ્તારમાં કેમિકલના બેરલ ભરેલ ટ્રક પલ્ટી જતા અફડાતફડી



મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં પસાર થતા રાજ્યધોરી માર્ગ પર જીઆઈડીસી નજીક શનિવારે સવારે કેમિકલના બેરલ ભરેલ ટ્રકના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા પલ્ટી જતા ભારે અફડાતફડી મચી હતી. ટ્રકમાં સવાર ડ્રાઈવર અને ક્લીનર કૂદી પડતા બંનેનો આબાદ બચાવ થયો હતો. સતત નાના-મોટા વાહનોની આવન-જાવન અને રાહદારીઓથી ધમધમતા રોડ પર ટ્રક પલટવાની ઘટનામાં સદનસીબે જાનહાની ટળતાં અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ટ્રક પલ્ટી જતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

# જ્યોતિ વિદ્યાલય, ખેડબ્રહ્માનું ગૌરવ



ખેડબ્રહ્મા, તા. ૨

સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય, ખેડબ્રહ્મા એસ.એસ.સી.માં ઉત્કૃષ્ઠ દેખાવ કરી શાળાનું ગૌરવ વધારેલ છે. રબારી પ્રદિપ કિશોરભાઈએ ૯૭.૮૫ પી.આર. સાથે પ્રથમ ક્રમે, બીજા ક્રમે કોમલ બિપીનચંદ્ર પરમાર ૯૬.૧૨ તથા ત્રીજા ક્રમે માનસી રમેશભાઈ નિનામા ૯૩.૩૬ પી.આર. મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. કર્મઠ સ્ટાફ તથા વિદ્યાર્થી ભાઈ બહેનોને શાળાના આચાર્ય, સુરેશકુમાર પટેલ તથા મંત્રી જેઠાભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા. પ્રમુખ અંબાલાલભાઈ તથા ખીમજીભાઈએ પુરસ્કાર આપી બિરદાવ્યા હતા.

# બ્રહ્મ સમાજનું ગૌરવ વધારતી પાલનપુરની કુ. રિયા જોશી

પાલનપુર, તા. ૨

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૮માં લેવાયેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં પાલનપુરની માતૃશ્રી કુંવરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની કુ. રિયા એસ.જોશીએ ૯૯.૮૧ પર્સન્ટાઈલ રેન્ક સાથે ૮૯.૨૦ ટકા સાથે ઉત્તિર્ણ થઈ શાળામાં પ્રથમ ક્રમે આવી શાળા સહિત બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું છે.

બનાસકાંઠા જિલ્લા ભાજપના મીડિયા સેલના કન્વિનર અને ઈલેક્ટ્રોનિક મીડિયા સાથે સંકળાયેલા પાલનપુર સ્થિત જાણીતા પત્રકાર સંજય જોશીની દીકરી કુ. રિયા જોશી એચ.એસ.સી. બોર્ડમાં ૮૯.૨૦ ટકા સાથે ઉત્તિર્ણ થઈ છે. કુ. રિયા જોશીએ શાળામાં પ્રથમ આવીને શાળા પરિવાર, ઔદિચ્ય સહસ્ત્ર સત્તાવિશ બ્રહ્મ સમાજ સહિત પોતાના પરિવાર અને પત્રકાર જગતનું પણ ગૌરવ વધાર્યું છે. ત્યારે તેને પત્રકાર મિત્રો, અધિકારીઓ અને



પદાધિકારીઓએ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલા વિદ્યામંદિરના છાત્ર અને કુ. રિયા જોશીએ મેળવેલ ગુણ વચ્ચે માત્ર ૧૪ ગુણનો તફાવત હોઈ કુ. રિયા જોશી જિલ્લામાં ટોપ ફાઈવમાં હોવાની સંભાવનાઓ પ્રબળ બની છે.

# ચિઠોડામાં ઘરનું સમારકામ કરાવવા બાબતે ઝઘડો થતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે ત્રણ દિવસ અગાઉ બે ભાઈઓ વચ્ચે મિલકતની વેહેંચણી થયા બાદ એક ભાઈ પોતાના મકાનનું સમારકામ કરાવતા હતા ત્યારે અન્ય ભાઈને તે પસંદ ન આવતા તેમણે આ મકાનનું કામ કેમ કરાવે છે તેમ કહી ઝઘડો કરી ઈંટ વડે હૂમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ ગુરૂવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ચિઠોડાના ભરતકુમાર લાલજીભાઈ જાદવે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩૦ મે ના રોજ તેઓ પોતાના ભાઈ દિનેશભાઈ લાલજીભાઈ જાદવ સાથે સંયુક્ત જમીન અને મકાનના ભાગ પાડી દીધા બાદ ભરતકુમાર પોતાના મકાનું સમારકામ કરાવતા હતા ત્યારે દિનેશભાઈને તે પસંદ ન હોવાથી ભરતભાઈ સાથે ઝઘડો કરી ઈંટ વડે હૂમલો કરી ઈજા પહોંચાડી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી ભરતુમાર જાદવે ગુરૂવારે દિનેશભાઈ જાદવ વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મોડાસામાં અરવલ્લી જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકોનુંસંમેલન યોજાયું

## પ્રબુદ્ધ નાગરિકો, વરીષ્ઠો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા





મોડાસા, તા. ૨

આજે મોડાસામાં ટાઉનહોલ ખાતે અરવલ્લી જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકોનું સંમેલન પ્રદેશ પ્રવક્તા જગદીશ ભાવસારની ઉપસ્થિતિમાં યોજાયું હતું. જેમાં તેમણે કેન્દ્રની મોદી સરકારના સુશાસનના ૪ વર્ષની સિદ્ધિઓ, લોકકલ્યાણની આયોજનો, ગરીબ વર્ગના ઉત્થાન સહિતની પ્રજાના તમામ વર્ગ માટે સૌનો સાથ સૌનો વિકાસના આધાર ઉપર થતા કામોની અને દેશ અને દુનિયામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશની આન, બાન, શાન વધારવા સાથે રાષ્ટ્રને સમર્પિત આદરેલી સેવાઓનો ચિતાર પ્રવક્તા જગદીશભાઈ ભાવસારે આપ્યો હતો.

અરવલ્લી જિલ્લાના આ પ્રબુદ્ધ નાગરિક સમેલનના પ્રારંભે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ સ્વાગત પ્રવચન કરતાં પ્રબુદ્ધ સમેલનનો ઉદેશ સમજાવી ચાર વર્ષના મોદી સરકારના સુશાસન અને અગાઉની સરકારના ૪૫ વર્ષના શાસનની તુલના કરી હતી અને આ ચાર વર્ષના સુશાસનમાં ગરીબ, મધ્યમવર્ગે, કિસાન, મજદૂર એમ તમામના વિકાસ વર્ગો માટે મોદી સરકારે કરેલા કાર્યોનો ચિતાર આપ્યો હતો જેને આમજન સુધી આ સંદેશો પહોંચાડવા પ્રબુદ્ધ નાગરિકો, વરીષ્ઠોને આદરપૂર્વક અપીલ કરી હતી. આ પ્રબુદ્ધ વિશાળ નાગરિક સંમેલનને સંબોધતા પ્રદેશ ભાજપના નેતા, પ્રવકતા જગદીશભાઈ ભાવસારેઆગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતથી તમામ ૨૬ બેઠકો જીતવાનો વિશ્વાસ વ્યક્ત કરવા સાથે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની લોકસભાની બેઠક ગત ચૂંટણી કરતા વધુ એક લાખની લીડથી આ બેઠક જીતવાનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

સંમેલનનું સંચાલન મહામંત્રી શામળભાઈ પટેલે કર્યું હતું. આ સંમેલનમાં પ્રદેશ સભ્ય કનુભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ, નગર પાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, શહેર પ્રમુખ જગદીશ ભાવસાર, નાગરિક બેંકન ચેરમેન કમલેશભાઈ પટેલ, જિલ્લા સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ, નિલેશ જોશી, નગરપાલિકાના અન્ય હોદ્દેદારો, કોર્પોરેટરો, શહેર અને જિલ્લાના ખૂણેખૂણેથી ખૂબ મોટી સંખ્યામાં વરીષ્ઠો, પ્રબુદ્ધ નાગરિકો, તબીબો, ધરાશાસ્ત્રીઓ, વિવિધ ક્ષેત્રમાંથી નિવૃત્ત બુઝર્ગો, આચાર્યો, શિક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજમાં આરોગ્યકર્મીઓનો મીઝલ્સ રૂબલા વર્કશોપ યોજાયો



પ્રાંતિજ, તા. ૨

ગુજરાત સરકાર દ્વારા ૯ માસથી ૧૫ વર્ષ સુધીના તમામ બાળકોને ઓરી અને રૂબેલાની રસીથી આવરી લેવાનું મહાઅભિયાન હાથ ધરવામાં આવી છે જેના ભાગરૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડાં. મનિષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ ખાતે તાલુકાના તમામ આરોગ્ય ફીલ્ડ કર્મચારીઓનો વર્કશોપ યોજાયો.

વર્કશોપમાં તાલુકાના તમામ આરોગ્યના ફીલ્ડ કર્મચારીની ઉપસ્થિતિ રહી હતી. આ દ્વારા આ મહા અભિયાન યોજવા પાછળનો હેત સમજાવી આરોગ્ય કર્મચારીઓની ફરજો અને તકેદારી વિષે અંગુલી નિર્દેશ કરવામાં આવ્યાં હતાં તથા આ અભિયાનમાં આરોગ્ય વિભાગ મહિલા અને બાળ આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, પંચાયત વિભાગ તથા સ્થાનિક લોક આગેવાનો, સ્થાનિક સામાજિક કાર્યકરો અને વોલ્ટીન્ટીયર્સના સહયોગ મેળવી ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ કરવા માટે માઈક્રો પ્લાનીંગ હાથ ધરી તેના અસરકારક અમલી કરણ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. આ અભિયાન તા. ૧૫ મી જુલાઈ ૨૦૧૮ થી શરૂ કરી પાંચ અઠવાડિયામાં પૂર્ણ કરવાનુ રહેશે જેમાં પ્રથમ શાળાઓમાં આ રસીકરણ હાથ ધરવામાં આવશે ત્યાર બાદ આંગણવાડી કેન્દ્રોમાં આઉટરીચ સેશન ગોઠવી બાકી રહેલ તમામ બાળકોને આવરી લેવામાં આવશે તેમજ જરૂર જણાય તો છૂટા છવાયા વિસ્તારો અને ઔધોગિક વસાહત કે અન્ય એકમોમાં રહેલ બાળકોને આવરી લેવા માટે મોબાઈલ ટીમો પણ ગોઠવવામાં આવશે. આમ મિઝલ્સ રૂબેલા રસીકરણ અભિયાન માં ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ કરવા અડગ નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો છે.

# શામળાજીમાં જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે સહકારી તાલીમ વર્ગનું સમાપન

શામળાજી, તા. ૨

અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે




શામળાજી ખાતે વિશ્વકર્મા મંદિર સાનિધ્યે યોજાયેલ ભિલોડા તાલુકાની સહકારી મંડળીઓના મંત્રીઓના ૬ દિવસીય શિક્ષણ અને તાલીમ વર્ગનું સમાપન આજરોજ જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલના પ્રમુખપદે થયું હતું. સતત છ દિવસથી તાલીમ લઈ રહેલા આ મંત્રીઓને બેગોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે તાલીમ લેનાર સેક્રેટરી ભાઈ-બહેનોએ પોતાના પ્રતિભાવોમાં આવા તાલીમ વર્ગો થકી સારી જાણકારી પ્રાપ્ત થઈ હોવાનું જણાવી ખુશી વ્યકત કરી હતી. સમગ્ર વર્ગનું સંચાલન એકિઝક્યુટિવ ઓફિસર હરિ પ્રસાદ જોષીએ કર્યું હતું.

# બનાસકાંઠા જિલ્લામાં ૬૫૦ લાખ ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે

પાલનપુર, તા. ૧

ગુજરાતના ભૂગર્ભ જળ



ભંડાર સમૃધ્ધ બનાવવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન અનુસાર તા.૧ લી મેથી ૩૧ મે સુધી રાજયભરમાં હાથ ધરાયેલ સુજલામ સુફલામ જળ અભિયાનને ખુબ સારી સફળતા મળી છે. આ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં થયેલ વિવિધ કામોથી જિલ્લામાં ૬૫૦ લાખ ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે. આટલા વિરાટ પ્રમાણમાં વરસાદના પાણીનું જમીનમાં સંચય થવાથી ભૂગર્ભ જળ સ્તર ઉંચા આવશે પરિણામે ખેડૂતો વધુ વિસ્તારમાં ખેતી કરી સારી આવક મેળવી શકશે.

બનાસકાંઠા જિલ્લામાં તળાવ ઉંડા ઉતારવા, ચેકડેમ ડિસીલ્ટીંગ, જળાશય ડિસીલ્ટીંગ, વનતલાવડી, ખેતતલાવડી, નવા ચેકડેમ બનાવવા, ચેકડેમ રિપેરીંગ કરવા, શહેરી વિસ્તાર નજીકના નદી, નાળા તેમજ કેનાલની સફાઈ કરવી, રેઈન વોટર હાર્વેસ્ટીંગના કામો, નહેરોના એચ.આર/સી.આર.ગેટનું રીપેરીંગ કામ, નહેરોના સાયફનોની સફાઈના કામો અલગ અલગ ડીપાર્ટમેન્ટ દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા. આ અભિયાનમાં કુલ-૫,૦૮૧ કામોનો લક્ષ્યાંક હતો. જે લક્ષ્યાંક સફતાપૂર્વક સિધ્ધ કરવામાં આવ્યો છે અને લોકોનો સાથ અને સહકાર મળવાથી લક્ષ્યાંક સિવાયના વધારાના કુલ-૨૬ કામો પણ કરવામાં આવ્યા છે. આ કામો પાછળ ૩૩૦ જે.સી.બી/હિટાચી/લોડર તેમજ આશરે ૧૦૩૦ જેવા ટ્રેકટર/ડમ્પરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કામો પૈકી તળાવો, ચેકડેમો, વનતલાવડી, ખેતતલાવડી ઉંડા કરવાની કામગીરીથી કુલ-૧૬,૩૩,૨૪૯ ઘન મીટર માટીનું ખોદાણ કરવામાં આવ્યું છે. જેનાથી ચોમાસા દરમ્યાન આશરે ૬૫૦ લાખ ઘન ફૂટ પાણીનો સંગ્રહ કરી શકાશે. જેના લીધે બનાસકાંઠા જિલ્લામાં ભૂગર્ભના જળ ઉંચા આવશે તેમજ ખેડુતોને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે.